# ગુજકોમાસોલ દ્વારા પહેલી મેથી ચણા-રાયડાની ખરીદી

## ૧થી ૫ મે સુધી ૧૦૩ ગોડાઉનમાં તુવેરની ખરીદી : માસ્ક-સેનિટાઇઝરનો ઉપયોગ જરૂરી : પીવાના પાણીની મુશ્કેલી ન ઉભી થાય તે માટે કલેક્ટર જાતે દેખરેખ રાખે

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની સતત પાંચમી વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં રાજ્યમાં કોરોના વાયરસ સંક્રમણ અને આરોગ્યલક્ષી બાબતો, પીવાના પાણીની સ્થિતી અને જીવનજરૂરી ચીજવસ્તુઓના પૂરવઠાની ઉપલબ્ધિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગરથી તેમજ અન્ય મંત્રીઓ પોતાના જિલ્લાઓમાંથી સહભાગી થયા હતા. રાજ્ય મંત્રીમંડળની આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની વિગતો મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તમામ જિલ્લા કલેકટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે, ઊનાળાની ઋતુમાં રાજ્યમાં પીવાના પાણીની કોઈ મુશ્કેલી ઊભી ન થાય. એ માટે જિલ્લા કલેકટરે સ્વયં દેખરેખ રાખે. તેમણે એવી પણ તાકીદ કરી કે, અત્યારે રાજ્યમાં પીવાના પાણીનો જથ્થો પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે ત્યારે વિતરણ વ્યવસ્થાની કોઈ ખામી ન સર્જાય તે કલેકટરો સુનિશ્ચિત કરે. મુખ્યમંત્રીએ જિલ્લાઓના ગ્રામીણ ક્ષેત્રોમાં કે અન્યત્ર જ્યાં હેન્ડપંપ બગડી ગયા હોય કે પાણી ઊંડું ગયું હોય ત્યાં રિપેરીંગ ગેંગ મોકલીને સત્વરે ચાલુ કરાવી દેવા પણ સૂચનાઓ આપી છે. કોરોના વાયરસના વ્યાપક સંક્રમણની સ્થિતીમાં હવે તેનો વ્યાપ વધુ ફેલાય નહિ તેની તકેદારીઓ રાખવાની સ્પષ્ટ સૂચનાઓ મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે જ્યાં વધુ પ્રમાણમાં લોકો આવતા-જતા હોય તેવા છઁસ્ઞ, માર્કેટયાર્ડ, જાહેર સ્થળો, બજારો વગેરે સ્થળે જિલ્લાતંત્ર દ્વારા થર્મલગન, સેનીટાઇઝર વગેરેના ઉપયોગ માટે જિલ્લા કલેકટરોને સુચનાઓ કરી હતી તેની વિગતો પણ મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી. મુખ્યમંત્રીએ રાજ્યના તુવેર તથા એરંડા-ચણા પકવતા ખેડૂતોના વ્યાપક હિતમાં પણ આ વિડીયો કોન્ફરન્સ કેબિનેટમાં મહત્વપૂર્ણ નિર્યો કર્યા છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે, રવિ સિઝન ૨૦૨૦-૨૧માં ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ મળે તેવા ઉદાત્ત ભાવથી આગામી શુક્રવાર તા. ૧ મે થી તા. ૫ મી મે-૨૦૨૦ સુધી તુવેરની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ૧૦૩ ગોડાઉન ખાતે કરવાનો નિર્ણય મુખ્યમંત્રીશ્રીએ કર્યો છે.

અગાઉ સરકારે તા. ૧-૧૨-૨૦૧૯થી તા. ૧૫-૧-૨૦૨૦ સુધી ઓનલાઇન રજિસ્ટ્રેશન તેમજ તા. ૧-૧-૨૦૨૦થી તા. ૩૦-૩-૨૦૨૦ સુધી ૯૦ દિવસ ખરીદીનો સમય નિર્ધારીત કરેલો હતો. જેમાં ૧૬,૩૪૫ હજાર ખેડૂતોનું રજિસ્ટ્રેશન થવા પામ્યું હતું. તે પૈકીના ૩૮૮૧ ખેડૂતોએ ૬૫૧૪ મે.ટન તુવેર દાળનું વેચાણ કરેલું છે. વિશ્વવ્યાપી મહામારી કોરોના વાયરસ કોવિડ-૧૯ને પગલે જાહેર કરાયેલા દેશવ્યાપી લોકડાઉનની સ્થિતીમાં ખરીદી તા.૨૩ માર્ચથી મુલત્વી રાખવામાં આવેલી હતી. મુખ્યમંત્રીએ હવે તા. ૧ મે શુક્રવારથી તા. ૫ મે-૨૦૨૦ સુધી આ ખરીદી પૂનઃ શરૂ કરવાના લીધેલા નિર્ણયને કારણે જે ખેડૂતોએ અગાઉ તા. ૨૩.૩.૨૦૨૦ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લીધેલું છે તેવા ખેડૂતો પૈકીના તુવેર વેચાણ માટે બાકી રહેલા ૧૨૪૧૭ ખેડૂતોના તુવેરના જથ્થાની ખરીદી તા. ૧ મે-૨૦૨૦થી તા. ૫-૫-૨૦૨૦ સુધી કરાશે. ખરીદી અને પ્રાપ્તિની શરૂઆત કરવામાં આવશે. સચિવે એમ પણ કહ્યું કે ભીડભાડ ન થાય તે રીતે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવીને નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનો પર આ પ્રક્રિયા હાથ ધરવાની અને ક્રમાનુસાર ખરીદીની મુખ્યમંત્રીશ્રીએ સુચનાઓ આપી છે. તેમણે પ્રવર્તમાન કોરોના વાયરસના વ્યાપક સંક્રમણની સ્થિતીમાં ખેડૂતો દ્વારા માસ્કનો ઉપયોગ તથા ખરીદ કેન્દ્ર ખાતે સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ કરાવવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા પણ ખાસ તાકીદ કરી છે.

હાલમાં નોવેલ કોરોના વાયરસના વ્યાપક સંક્રમણના કિસ્સાઓ વધતા આ સંક્રમણ અટકાવવા એવું પણ નક્કી કરવામાં આવ્યું છે કે, ખેડૂતોને જીસ્જી કરીને ટાઈમ સ્લોટ અને તારીખ જણાવવામાં આવે તે મુજબ તેઓએ તુવેર વેચાણ માટે આવવાનું રહેશે. વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં ગુજકોમાસોલ દ્વારા તા. ૧લી મે થી ચણા અને રાયડાની ખરીદી શરૂ થવાની છે તેમાં પણ કોઈ સમસ્યા ન આવે, મુશ્કેલી ન સર્જાય તે માટે ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ તેમજ કૃષિ મંત્રી આર. સી. ફળદુ, મંત્રી જયેશભાઈ તેમજ ઈશ્વરસિંહ પટેલ સાથે વિડીયો કોન્ફરન્સીંગ બેઠક યોજી હતી. આ અંગેની વિગતોમાં મુખ્યમંત્રીશ્રીના સચિવે કહ્યું કે, ચણા-રાયડાની ખરીદી પ્રક્રિયામાં પણ ભીડભાડ ન થાય, સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને માસ્ક વગેરેનો ઉપયોગ અવશ્ય થાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ જિલ્લાઓમાં મનરેગાના કામો ઝડપથી ચાલુ કરવા સાથોસાથ સુજલામ સુફલામ જળ અભિયાનના કામો પણ શરૂ કરવા અને ખોદવામાં આવતા તળાવ-ચેકડેમની માટી ખેડૂતોને તેમના ખેતરમાં વિનામૂલ્યે લઈ જવા આપી દેવાય તેની પણ કલેકટરોને તાકીદ કરી હતી. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો પણ ત્વરાએ શરૂ કરવાની અને લાભાર્થીઓને તેનો લાભ મળે તે જોવાની પણ કલેકટરોને આ બેઠકમાં સુચનાઓ આપી હતી. મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ અને સચિવ અશ્વિનીકુમાર વગેરે આ બેઠકમાં જોડાયા હતા.




આ લોકો કહે છે કે લોકડાઉન પછી માણસ જાતે એકડે એકથી શરૂઆત કરવી પડશે...માટે હું પૈંડાની શોધ કરું છું...!!

# રાયસણ ખાતેની ગુડાની વસાહતમાં અમદાવાદના લોકોની અવર-જવરની માહિતી પગલે અધિકારીઓ પહોંચ્યા

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના રાયસણ મુકામે આવેલા ગુડાની વસાહતમાં અમદાવાદ શહેરના કંન્ટઈનમેન્ટ ઝોનમાંથી કેટલાક લોકો આ વસાહતમાં આવતા હોવાની માહિતી મળતાં પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલીયાએ આ વસાહતની આજરોજ મુલાકાત લીધી હતી.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોઈ કંન્ટઈનમેન્ટ/રેડ ઝોન કે હોટ સ્પોટ વિસ્તારમાં રહેતા કે કોઈ પણ વ્યવસાય પ્રવૃત્તિ આચરતા ઈસમો આ જિલ્લાના વતની હોવાના કારણે અથવા તો અન્ય કારણો વસાત કોઈપણ પ્રકારની કાયદેસરની પરવાનગી કે છૂટ સિવાય સંદતર રીતે જાહેરનામા તથા કાનૂની



જોગવાઈઓ ભંગ કરી ગાંધીનગર જિલ્લામાં પ્રવેશ કરનાર આવા લોકો સામે યોગ્ય જણાય તો પોલીસ ફરિયાદ દાખલ કરવા સુધીના કડક પગલા લેવા ગ્રામ પંચાયતને આદેશ જારી કરવામાં આવ્યો છે.

વધુમાં તેમણે જણાવ્યું છે કે, આજરોજ ગાંધીનગર તાલુકાના રાયસણ મુકામે આવેલી ગુડા વસાહતમાં અમદાવાદ શહેરના કંન્ટઈનમેન્ટ ઝોનમાંથી કેટલાક લોકો ત્યાં આવતા જતા હોવાનું માલૂમ પડયું હતું. જે માહિતીના આધારે આજરોજ ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.એમ.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયા અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા તલાટી કમ મંત્રી અને સરપંચને સાથે રાખી સમગ્ર વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. કોરોના વાયરસથી બચવા માટે તમામ પગલા લેવા સ્થાનિક લોકોને સમજૂત કર્યા હતા. સાથે સાથે લોક ડાઉનના જાહેરનામાનો ચુસ્ત અમલ કરવા પણ સંબધકર્તાઓને ચેતવણી આપવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં કોરોના કેસોને નિયંત્રિત કરવા અને નિવારાત્મક પગલાના ભાગ રૂપે પોલીસ તંત્ર દ્વારા પણ ગ્રામ્ય વિસ્તારમાં સધન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. હવે, વહીવટી તંત્ર દ્વારા પણ સધન તપાસ કરવામાં આવશે, તેવું પણ જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં કોઈપણ ગામમાં શંકાસ્પદ હિલચાલ જણાય કાયદેસરની પરવાનગી, છૂટ કે મંજૂરી સિવાય લોક ડાઉનનો ભંગ કરતા હોય અને કંન્ટઈનમેન્ટ, રેડ ઝોન, હોટ સ્પોટ વિસ્તારમાંથી જો કોઈ વ્યકિત પ્રવેશતા હોય કે વસવાટ કરતાં હોય તો આવી વ્યક્તિ સ્વયં સામે આવી તંત્રને જાણ કરે એ ઈચ્છનીય છે. જેથી એ જ સમયે આરોગ્યની ચકાસણી થઈ શકે તથા અન્ય લોકોને સંક્રમિત થતાં અટકાવી શકાય તેવો અનુરોધ કર્યો છે. તે ઉપરાંત આવી કોઈ વ્યક્તિ વિશે જો કોઈ જાણકારી હોય તો સ્થાનિક તલાટી કમ મંત્રી, સરપંચ, સ્થાનિક દવાખાના કે સ્થાનિક પોલીસ સ્ટેશનને જાણ કરવા અપીલ કરી છે. આ અંગેની જાણ અત્રેના કંટ્રોલ રૂમ નંબર – ૦૭૯-૨૩૨

# અમદાવાદ માહિતી ખાતાનાં પાંચ કર્મચારીઓને કોરોના

પોલીટેકનીક કમ્પાઉન્ડ ખાતે આવેલ માહિતી ખાતાની કચેરીના પાંચ અધિકારી-કર્મચારીને કોરોના ડીટેક્ટ થતાં તમામને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે જ્યારે ઓફિસને સેનેટાઈઝ કરી અન્ય કર્મચારીઓને હોમ ક્વોરોન્ટાઈન કરી દેવાયા છે.

કોરોનાના કપરાં સમયગાળામાં સતત વહીવટીતંત્ર સાથે જોડાઈને રોજેરોજની કામગીરી કરતુ માહિતી ખાતાના કર્મચારીઓ કોરોનાના સંક્રમણમાં સપડાતા ડરનો માહોલ સર્જાયો છે. પોલીટેકનીક કમ્પાઉન્ડ સ્થિત માહિતી ખાતાની પ્રાદેશિક કચેરી જિલ્લાતંત્ર સાથે સતત સંકલમાં રહી કામગીરી કરે છે જેમાં ફિલ્ડ ડ્યુટી પણ સામેલ છે. ગઈકાલે આ કચેરીના સહાયક માહિતી નિયામકને કોરોના પોઝીટીવ ડિટેક્ટ થયો હતો. ત્યારબાદ આ કચેરીમાં કાર્યરત હોય તેવા અન્ય કર્મચારીઓને હોમ ક્વોરોન્ટાઈન કરી તેમના સેમ્પલ લેવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે પૈકી એક સીનીયર સબ એડીટર, એક કેમેરામેન, એક ટ્રાન્સલેટર અને એક ફેલોશીપ ટ્રેઈનીને કોરોના પોઝીટીવ આવ્યો છે. અન્ય કર્મચારીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. એક સાથે એક જ કચેરીના પાંચ કર્મચારીઓને કોરોના ડીટેક્ટ થતાં તંત્ર હરકતમાં આવી ગયુ હતુ. આખુ વર્ષ ધમધમતી રહેલી પોલીટેકનીક કચેરીને સેનેટાઈઝ કરી બંધ કરી દેવાઈ હતી. આસપાસ કડક પ્રતિબંધ લાદી દેવાયા છે.

# આંગણવાડીના ૧૬ લાખ બાળકોને ઘર આંગણે જ રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃતિઓમાં બાળકો કાર્યરત

આંગણવાડી કેન્દ્રમાં ૩ થી ૬ વર્ષના બાળકો આવતા હોય છે. જે બાળકોને પુર્વ પ્રાથમિક શિક્ષણ એટલે કે બાળકનાં સમગ્ર વિકાસને લગતી જુદી જુદી પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. હાલ લોકડાઉન સમયમાં તમામ બાળકોના રમત ગમત ભાગ ૧ અને ૨ તથા ચિત્રપોથી આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા તેઓના ઘરે આપવામાં આવી છે. ઉંબરે આંગણવાડી કાર્યક્રમમાં લાઈવ ડેમો સાથે અલગ અલગ પ્રવૃતિ દ્વારા શિક્ષણ તમામ બાળકોને સેટકોમ મારફતે તથા યુ-ટ્યુબમાં લાઈવ અંગેનું પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવે છે. ઉંબરે આંગણવાડી કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર દ્વારા કોવીડ-૧૯ વાઈરસ સામે તકેદારીના પગલા અંગે માર્ગદર્શન, બાળકો માટે ક્રીએટીવીટી, ઘરે હોય તેવા મટરીયલથી છાપકામ પ્રવૃતિ, ઈનડોર ગેમ્સ, બાળ વાર્તા, બાળ ગીત, કાગળની અલગ અલગ પ્રવૃતિ, વાલીઓએ બાળકો સાથે કેવી રીતે વાતચીત કરવી તે અંગે જરૂરી માર્ગદર્શન, પપેટ મારફતે સ્ટોરી, ચિત્ર અને કલર કામકામ જેવી પ્રવૃતિ કરવા માટે સંપુર્ણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવે છે.

# ખેડા જિલ્લાના પાંચ વિદ્યાર્થીઓ કોટાથી પોતાના વતન પરત ફર્યા

ખેડા,તા.૨૯

કોરોના વાઈરસની અસર વધતા દેશમાં લોકડાઉનને લંબાવવામાં આવ્યું છે. જેને લઈ અન્ય રાજ્યમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ખૂબ જ તકલીફ પડતી હતી. જ્યાં હોસ્ટેલ/ગેસ્ટ હાઉસ કે, પછી પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા હતાં ત્યાં રહેવાની ખૂબ જ તકલીફ, બજારો બંધ હોવાથી કાંઇ મળે નહિં, બીજું લોકડાઉનના કારણે પૈસાની પણ તંગી થઈ ગઈ હતી. તેથી તેઓએ ટેલીફોનના માધ્યમથી પોતાના કુટુંબીજનો અને વાલીઓને તેમની આપવીતી જણાવી હતી. આ વાત જાણીને તેમના વાલીઓ દ્વારા સ્થાનિક પ્રશાસન અને ધારાસભ્યો તથા સાંસદો પાસે તેમના બાળકોને વતન પાછા લાવી આપવાની માંગણી પ્રબળ બનાવી હતી.

નાગરિકોની તકલીફ રાજ્ય સરકારના ધ્યાને આવતા રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહારની બસો મૂકી કોટામાં રહેતા ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને વતન પાછા લાવવાનો નિર્ણય કર્યો હતા. કોટા ખાતે વિદ્યાર્થીઓનું મેડિકલ સ્કેનીંગ કરી બસમાં ગુજરાત રવાના કરવામાં આવ્યા હતા.કપડવંજની અને કોટામાં રહી મેડિકલમાં પ્રવેશ માટેની પરીક્ષાની તૈયારી કરતી ભટ્ટ કુશાલી અતુલભાઈએ જણાવ્યું હતું કે, હું ધો-૧૨ પાસ કરી મેડિકલના અભ્યાસ માટેની તૈયારી કરવામા માટે કોટા ગઈ હતી. ત્યાં ૧૫મી માર્ચથી લોકડાઉન જાહેર થતા જેમ તેમ કરીને અમે પ્રથમ લોકડાઉનનો સમય પસાર કર્યો હતો,

# મામલતદાર પોઝીટીવ આવતાં કલેકટર કચેરીમાં ભારે ફફડાટ

## સમગ્ર ઓફીસમાં સઘન ચેકીંગ હાથ ધરાયુ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને હોસ્પિટલો બાદ કલેક્ટર કચેરીના અધિકારી કોરોનાના સકજામાં સપડાયા

અમદાવાદ, તા. ૨૯

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન,હોસ્પિટલોના ડોકટરો બાદ આજે મહિલા મામલતદારને કોરોના સંકજામાં સપડાયા છે. આ સમાચારથી સાથીદારોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જેથી કલેકટરે કચેરીમાં આવતાં મુલાકાતીઓ અને કર્મચારીઓનું સઘન ચેકીંગ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. સોલા સિવિલની ટીમ દ્વારા કલેકટર કચેરીના પ્રવેશ દ્વાર પર જ થર્મલ ગન, સહિતના જરૂરી સાધનોથી ચકાસણીથી લઈને કર્મચારીઓનું હેલ્થ ચેકઅપનું કાર્ય શરૂ કરાયુ છે. કલેકટર કચેરીમાં સાબરમતી વિસ્તારના મામલતદાર તરીકે ફરજ બજાવતાં અનિતાબેન લાચ્છુને કોરોના પોઝીટીવ આવ્યો હતો. તેમની સાથે કામગીરી કરનારા સાથી કર્મચારીઓમાં ભય અને ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. કલેકટર કચેરીમાં કામગીરી અર્થે સંખ્યાબધ્ધ લોકો મુલાકાત લેતાં હોય છે. આ મુલાકાતીઓની અવરજવરના કારણે કર્મચારીઓ કોરોનાના સંકજામાં ના સપડાય તે હેતુથી કડક ચેકીંગની કાર્યવાહી હાથ ધરાઈ છે. અમદાવાદ જિલ્લા કલેકટર કે.કે. નિરાલાએ જણાવ્યું છે કે, કોરોનાની મહામારીથી બચવા માટે સાવધાની રાખવા જરૂરી છે. તેમ જ જો જરૂર ના હોય તો કલેકટર કચેરીએ આવવાનું ટાળવું જોઈએ. ઈમરજન્સી સિવાય કચેરીમાં નહીં આવવા તેમણે પ્રજાને અપીલ કરી છે. કલેકટર કચેરી ખાતે કોરોના સંબંધિત ચેકીંગ કરવા ઉપરાંત તમામ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપ હાથ ધરવામાં આવ્યું હતું.



**ચિલોડા કોરોના વોરિયર્સને ૧૫૦ હેન્ડ ગ્લોવ્ઝ આપી સન્માનિત કરાયા**

કોરોના વાયરસ સામે વૈશ્વિક યુદ્ધ લડતા યોદ્ધાઓ આરોગ્યકર્મી, પેરામેડીકલ-પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પોલીસકર્મીઓ, મીડિયાકર્મીઓ, નિઃસ્વાસ્થ સેવા આપતા સ્વયંસેવકો સેવાભાવી સંસ્થાઓ, હોમગાર્ડસ જવાનો, વગેરે રાત-દિવસ જોયા વિના છેલ્લા ૩૫ દિવસથી કોરોના સામેના યુદ્ધમાં દેશ જનહિત માટે સેવાધારી બન્યા છે. ત્યારે ચિલોડા જંકશન મથક ગણાતુ જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વારે ચિલોડા પોલીસકર્મી અને હોમગાર્ડઝ જવાનોને ચિલોડા ગામના અગ્રણી વિષ્ણુભાઈ પટેલ વકીલ દ્વારા ૧૫૦ હેન્ડ ગ્લોવ્ઝ આપી પી.આઈ. એચ.એ. જાડેજા સાહેબનું કોરોના સામે યોદ્ધા થકી સામનો કરતા પોલીસકર્મીઓનું સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ દરમ્યાન ગામના વડીલબંધુ રામાભાઈ પટેલ તથા યુવા મિત્ર સુનિલભાઈ રાવલ હાજર રહી સેવાઓને બિરદાવી હતી.

## ધોરણ-૧૨ના પેપર મુદ્દે હજુ સસ્પેન્સ યથાવત્

# સીબીએસઈ : ધોરણ ૧૦ના બાકી રહી ગયેલા વિષયોની પરીક્ષા નહીં લેવાય

ગાંધીનગર,તા.૨૯

કોરોના વાયરસ લોકડાઉનના કારમે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન સાથે જોડાયેલી મોટી ખબર આવી છે. બોર્ડે સ્પષ્ટતા કરી છે કે આવા સમયમાં દસમાના બોર્ડની પરીક્ષા કરાવવી શક્ય નથી, બાળકોને ઈન્ટરનલ બેસ પર પાસ કરવામાં આવશે. જોકે, ૧૨ના પેપર પર હજુ સસ્પેન્સ યથાવત છે. મીડિયા સાથે વાત કરીને સીબીએસઈના સચિવ અનુરાગ ત્રિપાઠીએ કહ્યું કે ૧૨મા ધોરણના પેપર લોકડાઉનની આગળની સ્થિતિના હિસાબથી પ્લાન કરાશે. પેપર ક્યારે લેવાશે તેની જાણકારી ૧૦ દિવસ પહેલા આપી દેવામાં આવશે.

અનુરાગ ત્રિપાઠીએ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા સાથે જોડાયેલા સવાલ પર જણાવ્યું કે, "ધોરણ-૧૦ની આખા દેશમાં બાકી રહેલી પરીક્ષા હતી, જે નાના વિષય હતા. તેમની પરીક્ષા હવે લેવામાં નહીં આવે. ઈન્ટરનલ અસાઈમેન્ટ અને બાકીના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને રિઝલ્ટ બનાવવામાં આવશે. પ્રોડેટા બેસિસ પર." જણાવ્યું કે આ વાત ૧ એપ્રિલે જારી કરેલા સર્ક્યુલરમાં જ જણાવી દેવામાં આવી હતી. દિલ્હી નોર્થ ઈસ્ટ જિલ્લામાં ભણતા વિદ્યાર્થીઓની ધોરણ ૧૦ની પરીક્ષા પણ નહોતી થઈ શકી. તેમના રમખાણોના કારણે પેપર રહી ગયા હતા. જણાવાયું કે તેમની પરીક્ષા થશે જ. આ વિસ્તારમાં માત્ર ૬ મુખ્ય વિષયની જ પરીક્ષા થશે.

બિઝનેસ સ્ટડી, ભૂગોળ, હિન્દી (ઈલેક્ટિવ), હિન્દી (કોર), હોમ સાયન્સ, સમાજશાસ્ત્ર, કમ્પ્યુટર સાયન્સ (નવું અને જૂનું) ઈન્ફોર્મેશન પ્રેક્ટિસ (નવું અને જૂનું), બાયો ટેક્નોલોજી.

# પોલીસકર્મી પર હુમલામાં બે સામે પાસા હેઠળ પગલા

રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છે કે જ્યાં સંક્રમણ વધુ થવાની સંભાવના છે તેવા વિસ્તારોમાં સાવચેતીના ભાગરૂપે લૉકડાઉન દરમિયાન આપેલી છૂટછાટ રદ કરી શકાય છે તે અંતર્ગત પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા ગોધરા શહેરમાં આવેલી છૂટછાટો રદ કરવાનો નિર્ણય કર્યો છે અને તેના ચુસ્ત અમલ માટે જીઈની એક કંપની ફાળવવામાં આવી છે. ઝાંએ વધુમાં જણાવ્યુ છે કે, કોરોના વાયરસના સંક્રમણની બચવું હોય તો નાગરિકો યોગ્ય સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક પહેરવાની આદત પાડીને જીવનનો એક ભાગ બનાવે તે અત્યંત જરૂરી છે, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ નાગરિકોને આ ખાસ સૂચન કરાયું છે. રાજ્યમાં લોકડાઉનની પરિસ્થિતિની વિગતો આપતા ઝાએ ઉમેર્યું કે, કોરોનાના સંક્રમણને રોકવા માટે નાગરિકો અવરજવર ઓછી કરે અને કામ વગર ઘરની બહાર ન નીકળે તથા એકબીજા સાથેનો સંપર્ક પણ ઓછો કરે તે જરૂરી છે અગાઉ કહ્યું છે કે, ટુ વ્હીલર ઉપર એક જ વ્યક્તિ અને ફોર વ્હીલરમાં બેથી વધુ વ્યક્તિ મુસાફરી કરતા હશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી હાથ ધરાશે તેમણે ઉમેર્યું કે સંક્મીત વિસ્તારોમાં વધુ તકેદારી રાખવા માટે સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને જ્યાં સંક્રમણ વધુ છે તેવા ગ્રીન ઝોન વાળા વિસ્તારમાં સંક્રમણ ન ફેલાય તે માટે નાગરિકો જાગૃત બનીને લૉકડાઉનનો ચુસ્ત અમલ કરી ઘરમાં જ રહી તકેદારી રાખે તે જરૂરી છે. તેમણે કહ્યું કે, લૉકડાઉન દરમિયાન જાહેર સ્થળોએ ભીડ થતી હોય છે અને સોશિયલ ડિસ્ટેન્સિંગનો ભંગ થતો હોવાના બનાવોની ૧૦૦ નંબર કે પોલીસ કંટ્રોલરૂમને જાણ થશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. ગઈકાલે ૧૦૦ નંબર પર મળેલા કોલને આધારે રાજ્યમાં ૪૩ ગુના દાખલ કરાયા છે.

પોલીસ પર થયેલા હુમલા અંગે વિગતો આપતા શ્રી ઝાએ કહ્યું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં તારીખ ૨૫ એપ્રિલના રોજ જીઆરડી જવાન ઉપર થયેલા હુમલા સંદર્ભે બે આરોપીઓ સામે ગુનો નોંધી તેની સામે પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરીને જેલ ભેગા કરી દેવાયા છે. ઝાએ ઉમેર્યુ કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુન્હાઓ ગત રોજથી દાખલ થયા છે; તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૩૦૬ ગુનાઓ નોંધાયા છે.

# મોટાભાગનાં કોરોના ટેસ્ટ નેગેટિવ આવતાં ગુજરાતમાં કીટ વાપરવાનું કરાયું બંધ

ગુજરાતમાં ચાઈનાથી આવેલા રેપીડ કીટથી ટેસ્ટિંગ વિવાદ બાદ આખરે બંધ કરાયા છે. આ કીટથી ટેસ્ટ કરાયા બાદ તેમાં ઝોલ હોવાનું સામે આવતા આખરે કેન્દ્ર સરકારે તેના ઉપયોગ પર રોક લગાવી હતી. ચાઈનાથી મંગાવવામાં આવેલ કીટનો ઉપયોગ બંધ કરાયો છે. લાંબી મથામણ બાદ ગુજરાતે રેપીડ કીટથી ટેસ્ટિંગ બંધ કર્યા છે. ૮૯૦૦ ટેસ્ટિંગ કર્યા બાદ રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ બંધ કરાયો છે. મોટાભાગના દર્દીઓના ટેસ્ટ નેગેટિવ આવતા હતા. અનિર્ણાયક પરિણામો બાદ ટેસ્ટિંગ બંધ કરવા કેન્દ્ર સરકારનો નિર્ણયને કારણે ગુજરાતમાં પણ આ નિર્ણય લેવાયો છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં રેપીડ કીટથી ટેસ્ટ કરાયા છે. રેપીડ કીટથી થયેલા ટેસ્ટિંગથી સરકાર અને આરોગ્ય વિભાગ દ્વિધામાં હતો. અનેક જિલ્લાઓને રેપીડ કીટથી ટેસ્ટ બાદ કોરોના ફ્રી જાહેર કરાયા હતા.

મહામારીના સંકટમાં પણ ચીન તેની લુચ્ચાઈ છોડતું નથી. પહેલા પીપીઈ કીટ અને ત્યારબાદ રેપિડ ટેસ્ટ કીટમાં ખામી સામે આવ્યા પછી ભારતે તેના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. ભારતની ટોચની એક તબીબી સંસ્થા આઈસીએમઆર દ્વારા તે ટેસ્ટ કીટની તપાસ કરી રહી છે અને ગુણવત્તાની પુષ્ટિ થયા પછી જ તેનો ઉપયોગ કરવામાં આવશે. ભારત તરફથી ફરિયાદ નોંધાવવા પર ચીને નફ્ફટાઈ બતાવતાં કહ્યું હતું કે ખરીદી કરતા પહેલા કંપનીની તપાસ કરી લેવી જોઈએ. ચીનના વિદેશ મંત્રાલયે કહ્યું કે અમે આ મામલે ભારતને મદદ કરીશું, પરંતુ તે કંપનીઓ પાસેથી જ માલ ખરીદો, જેમને અમારી સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવી છે.